# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# શ્રી તીર્થંકર પરમાત્માની ‘‘દેશના’’ એજ બાળજીવોની ‘‘એષણાં’’



**જૈનો જાગો**

**વિશેષાંક**

આપણે જૈનો જાગો લેખમાળામાં અત્યાર સુધીનાં ૧ થી ૫૦ લેખાંક સુધીમાં આધ્યાત્મિક માર્ગ (મોક્ષમાર્ગ)ની મુખ્ય-મુખ્ય સમજણની વિચારણા કરી અને બાકીની વિચારણા ભાવી લેખાંકોમાં યોગે કરીને વિચારશું. અત્યાર સુધીની કરેલી વિચારણાની સામાન્ય સ્થિતીએ પુનઃ અવલોકન કરીએ. લેખાંક નં. ૨ માં આપેલા ઉપદેશ બોધ અને નિશ્ચય બોધનું સ્વરૂપ અને બંનેનાં અલગ-અલગ પ્રગટ લક્ષણોની વિચારણા કરી હતી. જે બાળજીવોને મોક્ષમાર્ગની અને મોક્ષ પ્રાપ્તીની બળવાન ઝુરણાં હોય અને જેમને સંસાર દુઃખ સ્વરૂપ અને માનેલા સુખનાં સાધનો ઉપાધી સ્વરૂપ લાગતાં હોય તેવી ઝુરણાંવાળા જીવોએ પ્રથમ પોતાને કયો બોધ મળે છે, તે જાણી લેવું અનિવાર્ય ગણાય. બાળજીવો જ્યારે સંસારનાં નાશવંત પદાર્થોની ખરીદી કરતાં પહેલાં, તેમની ઉપયોગીતા, ટકાવપણું અને કિંમતમાં વ્યાજબીપણાની તપાસ કરીને ખરીદી કરે છે, જ્યારે અહિંયા તો ભવ-ભ્રમણનો સવાલ છે અને સાથે મળેલું શ્રેષ્ઠ જૈન કુળ, સર્વ શ્રેષ્ઠ ધર્મ અને પૂર્ણપણું પ્રાપ્ત કરેલા એવા સર્વોત્તમ ત્યાગ અને વૈરાગ્ય સહિતનાં ઈષ્ટદેવ એવા શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન જીવોને મળ્યાં છે. ઘણાં ઘણાં ભવ ભવાંતર પછી ક્યારેક જ આવો ત્રિવેણી યોગથી સભર મનુષ્યપણું પ્રાપ્ત થયું હોય ત્યારે અંધશ્રધ્ધાથી પ્રેરાઈને કે વિરાધનાને નામે કે પછી અન્ય કારણો થકી જીવે ભયભીતપણું ટાળીને, નિર્ભયતા સહિત પૂર્ણ આદરભાવથી નમ્રતા સહિત અને માથે શ્રી પરમાત્માને રાખીને શ્રી ધર્માચાર્યો પાસેથી જાણવું જોઈએ કે અમને મોક્ષમાર્ગ આપો છો (નિશ્ચય બોધ) કે પછી ચાર ગતીનું ભવ ભ્રમણ થાય તેવો પુણ્યલક્ષી બોધ આપો છો ? તે જાણ્યાં પછી તન-મન અને ધનથી શ્રી તીર્થંકર પરમાત્માને માથે (સાથે) રાખીને આરાધનાં કરવી જોઈએ કે જેથી મનુષ્યપણાંનો મળેલા ત્રિયોગનું સફળપણું અને સાર્થકપણું થાય. બીજા અલગ અલગ લેખાંકોમાં શ્રી નમસ્કાર મંત્રાધિરાજ મહામંત્રનું શાશ્વતુંપણું અને પ્રથમ ૫ (પાંચ) પદનું ઉપકારીપણું શા માટે તેની વિચારણાં કરી. તેવી જ રીતે શ્રી તીર્થંકર પરમાત્માની પ્રક્ષાલ પૂજા (અભિષેક પૂજા) એજ સાચી પૂજા શા માટે તેની વિચારણાં કરી. શાસ્ત્રોમાં વર્ણવેલા એવા છત્રીસ ગુણોથી યુક્ત આત્માનુભવી અને ભવમર્યાદાવાળા (વધીને ત્રીજા ભવે મોક્ષગામી) અને સાતમાં ગુણસ્થાનકવાળા એક અવતારી કે જે આવતા ભવે મોક્ષગામી, એવા સદ્ગુરૂનાં ગુણો અને લક્ષણોની વિચારણાં કરી હતી અને કેવી રીતે ભવમર્યાદાનું સમકિત પમાડે છે (બાર દોષોનો ક્ષય કરાવીને) તેની વિચારણાં કરી. તેવી જ રીતે અસદ્ગુરૂ (કુગુરૂ) કે જે અનંતભવીનાં ગુણો અને લક્ષણોની વિચારણાં કરી કે જે સ્વયં ભવ ભ્રમણમાં ભટકે છે અને અન્ય બાળજીવોને ભવ ભ્રમણમાં ફેરવે છે, તેની જાણકારી લીધી. મોક્ષમાર્ગનો બોધ કે જેને નિશ્ચય બોધ કહેવાય છે, તે કેવા જીવોને લેવો ગમે છે, તેની વિચારણાં કરી. તેવી જ રીતે કેવા જીવોને નિશ્ચય બોધ આપવો ગમે છે, તેનાં ગુણો અને લક્ષણોની વિચારણાં કરી. તેવી જ રીતે કહેવાતા ધર્મીઓ અને માનેલાં અધર્મીઓનાં ગુણો અને લક્ષણોની સમજણ મેળવી. અને સાથે શ્રી સંવત્સરી પર્વનું અપૂર્વપણું અને તેમાં રહેલું મોક્ષમાર્ગ (મોક્ષપ્રાપ્તીનું પ્રમુખપણાં)નાં સ્વરૂપની પ્રાપ્તી વિચારી. તેમજ બાળજીવોએ મોક્ષમાર્ગમાં કરવાનો આવતો બાર દોષો ટાળવાનો પુરૂષાર્થ (પાંચ ઈન્દ્રિયોનાં વિષયો - ચાર કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન ટાળવું) અને સાત ભય રહિતનો આત્મધર્મ (નિશ્ચય બોધ)નું આરાધન કરીને ગુણો અને દોષોની વિચારણાં કરી અને કેવા બાળજીવોને નિશ્ચય બોધ નથી ગમતો (ઉગતો) તેની જાણકારી મેળવી અને બાળજીવો કેવી રીતે જ્ઞાનની વિરાધનાં કરીને જ્ઞાનથી વિમુખપણું પામે છે. (જ્ઞાનાવરણીય બંધ બાંધીને, સત્યની ઝુરણાં ગુમાવીને, મોક્ષમાર્ગ માટેની મુઢતા ધારણ કરીને, મિથ્યાત્વીમાં-મિથ્યાત્વીપણાંનું ગાઢપણું કરે છે.) તેની સમજણ મેળવી અને મોક્ષમાર્ગનાં સાચા દાતાર એવાં આત્માનુભવી જ્ઞાની સદ્ગુરૂની ગેરહાજરીએ, વિભ્રમ-વિભંગ જ્ઞાની કેવી રીતે બને છે, તેની વિચારણાં કરી. ‘‘ધર્મનું માન બહુ મોટું છે’’ અને તે માન લેવાં વિભંગ જ્ઞાની સંજોગની અનુકુળતાએ અને પૂર્વનાં આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોએ સમજાવેલું અને અનુભવરાવેલું સદ્ગુરૂનું મહાત્મ્ય અને સ્થાપનનું લાયકાત વગર પોતાનું સ્થાપન સદ્ગુરૂમાં કરાવીને કેવી રીતે બાળજીવોને ભયભીત કરે છે, તેની વિચારણાં કરી. આવા કહેવાતા વિભ્રમ જ્ઞાનીઓને સાંભળેલા અને વાંચેલા જ્ઞાનની જાણકારી (શ્રુતજ્ઞાનની) સારી હોય છે. તેઓ અસદ્ગુરૂ છે, તેનું મુખ્ય અને પ્રગટ લક્ષણ એ કે

૧) તેઓ મોક્ષમાર્ગનું બુધ્ધિમાં આવે એવું બુધ્ધિગમ્ય અને બાળજીવોએ અનુભવેલું હોય તેવું અજ્ઞાનનું અને જ્ઞાનનું અનુભવ જ્ઞાન આપી શકતાં નથી.

૨) તેઓ પૂર્વનાં થઈ ગયેલા (લગભગ) શ્રાવકપણાંનાં આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોનું લખાણનો બોધ આપે છે. (સ્વયંમાં આત્મામાંથી પ્રકાશીત થયેલું જ્ઞાન ન હોવાથી) તેઓ બાળજીવોને સાધનાને નામે જે કાંઈ કરાવે તેનો અનુભવ બાળજીવોને થતો નથી. (શાંતિ ક્ષણીક વર્તાય પણ નકારાત્મક પુરૂષાર્થ હોવાથી બાળજીવોને આત્મીક ઉપયોગ પ્રગટતો નથી, પણ બાળજીવો સંજોગને ટાળે છે, ત્યારે એમ સમજે છે કે અમને પરિણામો પ્રાપ્ત થયા છે, પણ ખરા અર્થમાં જીવો સંજોગથી દૂર થયા છે, પણ જો પાછા તેવા સંજોગોમાં જાય તો હતા તે સ્વરૂપે વર્તે છે.)

3) આવા અસદ્ગુરૂઓ સમકિતની પ્રભાવનાં કરે છે અને કહે છે ‘શ્રધ્ધા કરો અને સમકિત પામો, અશ્રધ્ધા કરશો તો સમકિત વમી જશે’, આવા પ્રકારથી બાળજીવોને ભયભીત કરે છે. (સાચા આત્માનુભવી જ્ઞાની પુરૂષો પોતાને સદ્ગુરૂ ગણાવતાં નથી અને સમકિતની વહેંચણી પણ કરતાં નથી.)

૪) અસદ્ગુરૂઓ બાળજીવોને બાધા, સંકલ્પ કે પચ્ચખાણ સ્વરૂપ પ્રતિજ્ઞા આપે છે (સદ્ગુરૂ બાળજીવોને ક્યારેય વ્રત કે સંકલ્પ કરાવતાં નથી, બાળજીવોનો પુરૂષાર્થમાંથી સ્વભાવ બનાવી દે છે). સદ્ગુરૂની હાજરીમાં સંકલ્પ જીવને સ્વભાવ બનતાં રોકે છે. (સદ્ગુરૂની ગેરહાજરીમાં સંકલ્પ બાળજીવને પડતાં રોકે છે).

૫) અસદ્ગુરૂઓ પોતાનાં લખાણમાં હાજરનાં સામાન્ય જીવોનાં લખાણો પોતાનાં લખાણોમાં આપે છે, (સાચા આત્માનુભવી પોતાનાં લખાણોમાં સામાન્ય જીવોનાં લખાણો આપતાં નથી અને ક્યારેક પૂર્વનાં જ્ઞાની મહાપુરૂષોનાં અવતરણ આપે તો તેમનાં નામ સાથે આપે અને તે પણ આત્માનુભવીનાં જ).

**‘‘હિંસકપણું ટાળીને અહિંસક બનવું**
**અને**
**નિર્ભયતા આપીને નિર્ભયતા પામવી.’’**

*** સત્સંગ *** — *** સત્સંગનું ફળ ***

### ■ આત્માનુભવી સદ્ગુરૂના સત્સંગનાં પ્રમુખ અને પ્રગટ લક્ષણ ■

**૧) બાળજીવોને સત્સંગમાં આવવાનો સમય નિશ્ચત હોય પણ જવાનો સમય ઈશ્વરઈચ્છા અને વ્યવહાર ધર્મની અપેક્ષા પ્રમાણેનો હોય.**

**૨) બાળજીવો સત્સંગમાં, ધર્મ સબંધી, સંસાર સબંધી અને પુરૂષાર્થ સબંધી સવાલો કરે અને સદ્ગુરૂ તેનાં જવાબો બુધ્ધિગમ્ય, અનુભવગમ્ય અને બાળજીવો પુરૂષાર્થ કરી શકે તેવા સહજ અને સરળ જવાબો આપીને બાળજીવોને ગુણવાન બનાવે.**

**૩) બાળજીવોને સત્સંગ સભામાં પૂર્ણ નિર્ભયતા બક્ષે (સ્થપાવે) બાળજીવો સ્વચ્છંદે પણ જો આવતા અટકે તો પણ સદ્ગુરૂ તેનો જેટલો સમય સત્સંગ આરાધ્યો તેનું ફળ પ્રાપ્તીતણું ગણાવે.**

**૪) બાળજીવો સત્સંગસભામાં દેહભાન ભુલે, પાંચ ઈન્દ્રિયોનાં વિકારભાવ શાંત અનુભવે, ચાર કષાયોરહિતની સ્થિતી અનુભવે અને રાગ–દ્વેષ પ્રત્યે દુર્લક્ષપણું પામે અને ભવ–ભવાંતરની મુખ્ય સંજ્ઞા એવી આહાર, નિદ્રા અને મૈથુનનું વિસ્મરણ સહીત, સમયનું ભાન ભુલીને અજ્ઞાનનાશકનાં સવાલો પૂછીને આનંદ અને પ્રસન્નતાં પ્રાપ્ત થાય તેવા જવાબો મેળવીને બાળજીવો પ્રભુ–પ્રભુપણું માનીને સંતોષીપણું પ્રાપ્ત કરે, તેવો સત્સંગ કરાવે તેને આત્માનુભવી સદ્ગુરૂનો સત્સંગ કહેવાય. લખાણોનો આધાર ન લે અને રોગોનાં ઉપાયો બતાવીને નિરોગીપણું બક્ષે તે સદ્ગુરૂનાં જ્ઞાનબળ અને યોગબળનું ફળ કહેવાય.**

**અનુસંધાન સામે પાના નં ૬ પર →**

અનુસંધાન સામેનાં પાના નં ૫થી ચાલું

૬) કહેવાતાં અસદ્‌ગુરૂઓ સંસારની લૌકિક પદવીઓ પ્રાપ્ત કરીને અને પ્રગટ કરીને માન મેળવવાની વૃતિ અને મહાનતાં સ્થાપવાની કોશીશ કરે છે, જ્યારે આત્માનુભવી તો પૂર્વની મળેલી સંસારીક પદવીઓ પણ ત્યાગી દે છે, ઉપાધી સમજીને. પણ આત્માનાં અનુભવ પછી તો સંસારીક પદવીઓ સ્વિકારી શકતાં જ નથી. સદ્‌ગુરૂને પદવીઓ તો તેમનાં સત્સંગીઓજ આપી શકે અને તે પણ કેવી જેમ કે સંતપુરૂષ, પરમાત્મા સ્વરૂપ, પ્રભુ સ્વરૂપ વિગેરે વિશેષણોથી સત્સંગીઓ અહોભાવ અને ઉપકારી ભાવથી વંદીને ભાવ પ્રકાશીત કરવા સ્વરૂપ માને છે.

૭) અસદ્‌ગુરૂઓ બાળજીવો પાસે પૂર્વનાં આત્માનુભવી સદ્‌ગુનાં ચિત્રપટ પાસે કે પ્રતિમાજી સામે નિયમીત વંદનાં કરાવે છે, જ્યારે આત્માનુભવી તો સ્વયં સદ્‌ગુરૂ, બોધિ સ્વરૂપ, શાસ્ત્રોનાં સાર સ્વરૂપ સદેહે હોવાથી તેઓ બાળજીવો પાસે પૂર્વનાં જ્ઞાની સદ્‌ગુરૂઓની વંદના કરાવતા નથી અને બાળજીવો પણ પ્રત્યક્ષ સદ્‌ગુરૂ હોવાથી અન્ય જ્ઞાની સદ્‌ગુરૂની વંદના કરતા નથી અને ન કરવાનું કારણ સદેહે આત્માનુભવી જ્ઞાની બાળજીવો માટે શ્રી પરમાત્મા સ્વરૂપ, શાસ્ત્રોનાં સાર સ્વરૂપ, આત્મ ધર્મ સ્વરૂપ અને તેમની આજ્ઞાને ધર્મ માનીને અને તેમણે આપેલા પુરૂષાર્થને તપ સમજીને, સુખ-દુઃખને સમ માનીને જીવનમાં એક સદ્‌ગુરૂનું સ્થાપન કરીને, એક ભવ સદ્‌ગુરૂને આરાધીને ભવ ભ્રમણમાંથી છુટવા ભવ મર્યાદા પામે છે, તો પછી જીવનમાં હાજર અને ગેરહાજર બે સદ્‌ગુરૂનું સ્થાપન શા માટે કરે ?

**અસદ્‌ગુરૂ, બાળજીવો આવે ત્યારે હરખાય, સવાલ પૂછે ત્યારે મુંઝાય, અને જાય ત્યારે દુભાય (રાગ-દ્વેષ) અને ''સદ્‌ગુરૂ'', બાળજીવો આવે ત્યારે કરૂણાદ્રષ્ટિ, સવાલ પૂછે ત્યારે કરૂણાદ્રષ્ટિ, અને જાય ત્યારે પણ કરૂણાદ્રષ્ટિ (સમદ્રષ્ટિ)**

૮) અસદ્‌ગુરૂઓ પોતાની હાજરીમાં સંખ્યા (અનુયાયીઓ)ની વધારવાં પોતાનાં આશ્રયે આવેલા સાધક બાળજીવોને બોધ આપતાં (ઉપદેશક) બનાવી દે છે, કે જેથી અન્ય જીવોને તેઓ લાવે, સાધક જ્યારે બોધક બને છે (શ્રોતાપણું ગુમાવીને વક્તાપણું ધારણ કરે છે), ત્યારે જીવ માન બુધ્ધિમાં આવે છે, અને તેની પડતીનાં કારણો શરૂ થાય છે. વિકાસ ક્રમ અટકી જાય છે, નમ્રતાનો પ્રમુખ ગુણ ગુમાવીને, અહંકારી, અભિમાની અને '**હું ધર્મ જાણું છું**'નો દોષ પ્રગટ થાય છે. જ્યારે આત્માનુભવી સદ્‌ગુરૂની હાજરીમાં બાળજીવોને અન્ય વાણી વિરોધાભાસવાળી હોવાથી લૌકિક લાગે છે. અને સદ્‌ગુરૂની વાણી તો વિરોધાભાસ વગરની અપૂર્વ વાણી હોય છે અને જે વાણીનું સતત શ્રવણ કરવાની ઝુરણાં અને જેનું વિસ્મરણ ન થાય તેવી હોય છે, માટે આત્માનુભવી સદ્‌ગુરૂની હાજરીમાં અન્ય જીવો બોધક બનતાં નથી અને અન્ય બાળજીવો તેવી વાણી સાંભળવા અને સ્વિકારવા તૈયાર પણ હોતાં નથી.

૯) અસદ્‌ગુરૂઓ જે કહેવાતા સત્સંગ કરાવે છે (તેને પ્રવચન, લેકચર કે સ્વાધ્યાય કહેવાય), તે કરાવતી વખતે બાળજીવોને લખાણ કરવાની છુટ આપે છે અથવા બાળજીવો લખતા હોય તેને લખવા દે છે અને પછી પોતે આપેલું પ્રવચન લખાવીને કે છપાવીને બાળજીવોને આપે છે, કારણ કે બાળજીવોને ખાસ-ખાસ, મહત્વનાં મુદ્દા લક્ષમાં રખાવવા માટે. જ્યારે આત્માનુભવી સદ્‌ગુરૂ બાળજીવોને લખવા દેતાં નથી અને પાછળથી સત્સંગ લખાવીને કે છપાવીને આપતાં

# શ્રી ભગવાન મહાવીરસ્વામી

## નું શાસન

## શ્રી તીર્થંકર પરમાત્માની ''દેશના'' એજ બાળજીવોની ''એષણાં''

નથી કારણ કે સદ્‌ગુરૂનો દરેક શબ્દ મહત્વપૂર્ણ અને બાળજીવોને ઉપયોગી હોય છે. અને બીજું આત્માનુભવીને જ્ઞાનલબ્ધી હોવાથી બાળજીવોને

**વ્રત-પચ્ચખાણ-પ્રતિજ્ઞા-સંકલ્પ, બાળજીવને જ્ઞાનીની હાજરીમાં ચડતાં રોકે, અને જ્ઞાનીની ગેરહાજરીમાં, વ્રત-પચ્ચખાણ-પ્રતિજ્ઞા-સંકલ્પ, બાળજીવોને પડતાં રોકે.**

સમયે સમયે જ્ઞાન સહજતાથી ઉપયોગમાં આવતું હોવાથી બાળજીવોને લખવાનું કે સ્મરણ કરવું પડતું નથી, સહજતાથી સ્મરણ હોય જ છે.

આવા પ્રકારનાં સંસારીપણામાં (શ્રાવકપણામાં) વધારેમાં વધારે વિભ્રમ-વિભંગ જ્ઞાનીઓ કહો કે અસદ્‌ગુરૂ કહો જે કહેવા હોય તે કહી શકાય તેવો સંજોગ અને અર્થની અનુકુળતાએ બનતાં હોય છે.

**''ધર્મનું માન મેળવવા માટે''**

આવા અસદ્‌ગુરૂનાં લક્ષણો અને ગુણોની વિચારણા કરી. આવા અસદ્‌ગુરૂ (વિભ્રમ-વિભંગ જ્ઞાની) શ્રાવકપણામાં ખાસ બને છે, માટે બાળજીવોએ ભવ ભ્રમણમાં ભમવું ન હોય અને જો સત્યની ઝુરણાં (માર્ગ પ્રાપ્તીનાં પૂર્ણ ભાવ હોય તો) આવા અસદ્‌ગુરૂની પાસેથી સાચા સદ્‌ગુરૂ છે કે નહીં તેની ખાત્રી જાણવી અને માગવી જોઈએ અને સમય અનુસાર શ્રી પરમાત્માને અને શાસ્ત્રોને હાથમાં રખાવીને સત્યતાંની ખાત્રી માગવી જોઈએ અને જો તેવી ખાત્રી આપે તો જ આત્મ સમર્પણનાં ભાવ સહિત શ્રધ્ધા કરાય નહીંતર જીવ (અસદ્‌ગુરૂ) ડુબે અને અન્ય બાળજીવોને ડુબાડે (કારણ માન લે છે અને માન આપે છે, ધર્મનાં નામે). આવા પ્રકારનું વિભ્રમ-વિભંગ જ્ઞાની (અસદ્‌ગુરૂનાં) પ્રગટ અને પ્રમુખ લક્ષણો હોય છે.

અને જો આવા જ્ઞાનનાં ધારક (શ્રુતજ્ઞાની) પોતાને સદ્‌ગુરૂ ગણાવવાને બદલે જાણકાર સાધક ગણાવીને મોક્ષમાર્ગની સાચી સમજણ અને જાણકારી આપીને પોતે એક સુપાત્ર કે સ્વાધ્યાયકાર બનીને (સાધુપણાંમા ઉપાધ્યાયજી) બાળજીવોને મોક્ષમાર્ગની સમજણ અને સદ્‌ગુરૂને ઓળખવાનાં ગુણો અને લક્ષણો બતાવીને અને વર્તમાન ભવમાં કે ભાવી ભવોમાં આત્માનુભવી સદ્‌ગુરૂનો યોગ થાય તેવા ગુણો પ્રગટાવવાનું કાર્ય કરે અને પોતે સાધનાં કરતાં કરતાં બાળજીવોને સાધનાં કરતાં કરે તો તેઓએ બાળજીવોને મોક્ષમાર્ગમાં લાવવાનું કાર્ય કર્યું ગણાય.

**જ્ઞાની પુરૂષોનાં લખાણનું બાળજીવો પોતાની રીતે ચિંતન, મનન અને વિચાર કરે તો અંતરદશા સુધરે, ''અને જો'' બીજા જીવોનાં અર્થઘટનમાં જાય તો તે જીવ બીજા જીવનાં અભિપ્રાયમાં અટકે, જ્ઞાની પુરૂષનાં અભિપ્રાયમાં ન જઈ શકે.**

(મોક્ષમાર્ગમાં ચલાવવાનું સામર્થ્ય નથી પણ મોક્ષમાર્ગમાં લાવવાની સમજણ હોય છે). માટે એમ કહેવાય કે એવા વિભ્રમજ્ઞાની (શ્રુતજ્ઞાની) પાસે સારી સમજણ હોય છે, પણ સાચી સમજણ હોતી નથી, માટે આવા સ્વાધ્યાયકાર કે સુપાત્ર, સ્વાધ્યાય પૂર્ણ થયે બાળજીવોને પૂર્ણાહુતિ વખતે એમ કહે કે આપણે દરેકે એક સદ્‌ગુરૂને પ્રાપ્ત કરવા, તેને ઓળખવા અને તેમને આરાધવા માટેનાં ગુણો પ્રગટાવવા મળીએ છીએ. અને તે પ્રાપ્ત થાય તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ, આવી સમજણથી જો વિભંગ જ્ઞાની (અસદ્‌ગુરૂ) બનવાને બદલે સુપાત્ર બને તો તે જીવનું અલ્પ ભવોમાં કલ્યાણ થાય (માર્ગની નજીકની સ્થિતી ગણાય) અને અન્ય બાળજીવોને મોક્ષમાર્ગમાં લાવવામાં નિમિત્ત કારણ બનવાથી સહજતાથી બળવાન પુણ્યનું ઉપાર્જન થાય માટે વિભ્રમ-વિભંગ કે અસદ્‌ગુરૂ બનીને અનંત ભવ ભ્રમણમાં ફરવું અને અનેક બાળજીવોને ડુબાડવા તેનાં કરતાં સ્વાધ્યાયકાર કે સુપાત્ર બનીને સ્વનું કલ્યાણ કરતાં કરતાં અનેક બાળજીવોનાં કલ્યાણમાં નિમિત્ત કારણ બનવું તેજ જીવ માટે હિતકારી અને શ્રેયકારી ગણાય. અને તેજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ભક્તિ અને પૂર્વનાં થયેલાં આત્માનુભવી સદ્‌ગુરૂ પ્રત્યેની શ્રધ્ધા કરી ગણાય અને એજ જ્ઞાન છે અને એજ જ્ઞાનની આરાધના છે.

**''બાળજીવો અસદ્‌ગુરૂ પાસે માગતાં નથી,<br>પણ<br>અસદ્‌ગુરૂ બાળજીવોને ટકાવવા<br>સમકિત (ભ્રમિતપણું) આપે.<br>જ્યારે<br>બાળજીવો સદ્‌ગુરૂ પાસે માંગે જવાબ,<br>ત્યારે<br>સદ્‌ગુરૂ બાળજીવોને આપે સ્વભાવ.**

■■■

**શ્રી તીર્થંકર પરમાત્માનાં નામ-ભાવથી મુક્તિ સુલભ છે, પણ બાળજીવનાં નામ-માન બુધ્ધિથી મુક્તિ દુર્લભ છે.**

જૈનો જાગો લેખાંકની લેખમાળા પૂરી થયા પછી જો ઈશ્વરઈચ્છા અને ઈશ્વરકૃપા હશે તો નવી આધ્યાત્મિક (મોક્ષમાર્ગ)ની લેખમાળા શરૂ કરવાની સમજણ અને ભાવ રાખેલાં છે, કે જે લેખમાળામાં મોક્ષપ્રાપ્તી માટે બાળજીવોએ પ્રાથમિક કેવા ગુણો પ્રગટાવવાં જોઈએ અને તે પ્રગટાવવાંનાં સહજ ઉપાયોની વિચારણાં કરશું.

**''મોક્ષમાર્ગ, કોને કહેવાય''**

જગતનાં સર્વ મોક્ષમાર્ગી ધર્મોમાં સમાનપણે રહેલાં તત્વોનો સાર તેનું નામ મોક્ષમાર્ગ કહેવાય અને તેથી જગતનાં સર્વ મોક્ષમાર્ગી ધર્મોનો આદર, સર્વ ધર્મોનાં સ્થાપક એવા ઈષ્ટદેવોનો આદર અને તેને માનતાં સર્વ જીવોનો આદર, આ છે મોક્ષમાર્ગની સરળ સમજણ. આવી સમજણ સહિતની નવી લેખમાળામાં જૈન ધર્મનાં દરેક સંપ્રદાયનાં આદર સહિત અને વ્યવહાર ધર્મમાં ચાલતાં પરંપરાગત વ્રત, તપ, જપ, ત્યાગ, દાન, ક્રિયા, ભક્તિ, ધ્યાન, યોગ, શ્રી પરમાત્માની પૂજા-અર્ચના સ્વરૂપની શ્રધ્ધા સહિતની ભક્તિ અને શ્રી ધર્માચાર્યોની સેવા ભક્તિ સહિતનું તેમનું આશ્રીતપણું પામીને તેમનાં આશ્રયે મોક્ષમાર્ગની આરાધનાં કેમ કરવી, તેની સરળ સમજણ વિચારશું.

પરંપરાએ મળેલાં વ્રત, તપ, ત્યાગ, દાન અને શ્રી પરમાત્માનું ઉપકારીપણું માનવું અને એ સ્વરૂપે જ જિન ભક્તિ કરવી વિગેરેનું સ્થાપન પૂર્વનાં આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોએ બાળજીવોને માટે આત્મલક્ષ

અનુસંધાન પાના નં ૭ પર →

**અનુસંધાન પાના નં ૬થી ચાલું**

સ્થાપીને આત્મકલ્યાણ માટે આપેલ હતાં, અને તેમાં આત્માનું ઉર્ધ્વગમન થાય, તેવા ભાવ અને સમજણ સહિતનાં સાધનો (દ્રવ્ય) આપ્યાં હતાં, પણ પછી આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોની ગેરહાજરીએ તે તરવાનાં સાધનોને બાળજીવોએ પુણ્યનાં સાધનો માનીને અથવા દેહનાં આરોગ્યનું સ્થાપન કરીને અથવા અજ્ઞાન સહિત અજાણતાં મોક્ષ પ્રાપ્તી ગણીને અથવા ધર્મનું માન મેળવવા કહેવાતા ધર્મી બનીને અથવા માન અને નામના મેળવવાની વૃત્તિ રાખીને, બાળજીવોએ (શ્રી ધર્માચાર્યો સહિતનાં જીવોએ)

**મિથ્યાત્વ દ્રષ્ટિમાં છે કે દ્રવ્યમાં ?**

તરવાનાં સાધનોને (દ્રવ્યોને) સંપ્રદાયનાં લક્ષણો બનાવી દીધાં. અને તે લક્ષણો સંપ્રદાયની ઓળખાણ બની ગયા. હવે તેજ દ્રવ્યોનું કેવા લક્ષ સહિત આરાધન કરવું કે જેથી આત્મકલ્યાણનું કારણ બને, તેની વિચારણાં દરેક પ્રકારનાં ધર્મનાં કાર્યો સ્વિકારીને કરશું અને બાળજીવો પણ વ્યવહાર ધર્મ (જ્ઞાની પુરૂષોએ આપેલા દ્રવ્યોમાં તત્વનું સ્થાપન કરીને જ નિશ્ચયધર્મ એવો મોક્ષમાર્ગ આરાધી શકે, વ્યવહાર ધર્મ વગર બાળજીવોને નિશ્ચય બોધ આરાધવો મુશ્કેલ બને માટે સર્વ પ્રકારનાં વ્રત-તપનો આદર સહિત આત્મકલ્યાણનું કારણ કેમ બને તેની વિચારણાં કરશું.

**ઉપયોગ સહીતનું દ્રવ્ય, ભાવપરિણામી બને (અલ્પ ભવનું કારણ)**
**ઉપયોગ રહીતનું દ્રવ્ય, માનપરિણામી બને (અનંત ભવનું કારણ)**

બાળજીવોએ પ્રથમ ભ્રમિત (સત્ય વગરની) માન્યતાં ટાળવી જોઈએ, કે આ વર્તમાન કાળમાં (પાંચમાં આરામાં) મોક્ષ નથી માટે મોક્ષનો પુરૂષાર્થ શા માટે કરવો? કોઈપણ કાળે બાળજીવો (શ્રી તીર્થંકર પરમાત્મા સહિતનાં મહાપુરૂષો સહિતનાં જીવોએ) એક જ ભવમાં અજ્ઞાન ટાળીને, ભાવે માર્ગનુસારીપણું પ્રાપ્ત કરીને, સદ્‌ગુરૂનાં આશ્રયે સમકિત પામીને અને કેવલ્યજ્ઞાન પ્રકાશીત કર્યું નથી, પણ અજ્ઞાન ટાળીને સર્વ જીવો અનેક ભવોની સાધનાં કરતાં કરતાં, ગુણો પ્રગટાવતાં પ્રગટાવતાં, કષાયો કાપતાં કાપતાં, ક્રમિકપણે આત્માનો વિકાસ કરતાં મુક્તિદશા પામીને કેવલ્યજ્ઞાન પ્રકાશાવીને મોક્ષગમન કર્યું છે. (અનેક ભવોની સાધનાનાં ફળ સ્વરૂપે) માટે બાળજીવોએ ભ્રમિત ખ્યાલ કાઢી નાખવો કે મોક્ષ નથી તો પુરૂષાર્થ શા માટે કરવો ? બાળજીવોએ મનુષ્યપણાનું મળેલું જૈનકુળનું સફળપણું અને સાર્થકપણું કરવું હોય તો ઓછામાં ઓછું ભાવે માર્ગનુસારીપણું તો પ્રાપ્ત કરવું જ જોઈએ. મોક્ષમાર્ગનું કસોટીમાપક ચૌદ ગુણસ્થાનકની ક્ષેપકશ્રેણી અનુસાર મોક્ષપ્રાપ્તી થાય છે અને તે ક્ષેપકશ્રેણીમાં જીવ જે ગુણસ્થાનકે ભાવથી હોય (ગુણોથી અને સ્વભાવથી) ત્યારે જ જીવ આગળનાં ગુણસ્થાનકનાં દ્રવ્યો તૈયાર કરે છે. એક સાથે બે ગુણસ્થાનકનાં દ્રવ્યો જીવ તૈયાર કરતો નથી (કારણ કે દરેક ગુણસ્થાનકનાં આત્મિક ગુણો લક્ષણો અલગ હોવાથી) માટે એવા ભ્રમિત ખ્યાલમાં ન રહેવું કે જીવ ભાવે ત્રીજા ગુણસ્થાનકમાં હોય અને દ્રવ્યથી છઠ્ઠા ગુણ સ્થાનકમાં હોય. જીવ જ્યારે દ્રવ્યથી છઠ્ઠા ગુણસ્થાનકમાં હોય ત્યારે પાંચમાં ગુણસ્થાનકનાં ગુણો, લક્ષણો, સમજણ, વિચારદશા, જ્ઞાનદશા વિગેરે આત્મિક ગુણોનાં ભાવ સ્વભાવ અને સંસ્કાર પાંચમાં ગુણસ્થાનકનાં સર્વ સમય માટેનાં સ્થાપીત થયેલાં હોય છે. (અજાણતાં પણ જ્ઞાને કરીને વર્તે છે) બાળજીવો દ્રવ્યે જ આગળ વધીને સ્વચ્છંદે વર્તે

# શ્રી ભગવાન મહાવીરસ્વામી
## નું શાસન
## શ્રી તીર્થંકર પરમાત્માની ''દેશના'' એજ બાળજીવોની ''એષણાં''

છે માટે જ વ્યવહારમાં ઘણી વખત સાંભળવા મળે છે કે અનંતિ વખત જૈનકુળ મળ્યું (દ્રવ્યે માર્ગનુસારી, ભાવે કદી નહીં) અને અનેક વખત સાધુપણું લીધું છતાં

**સંસારભાવનું માન સંસારી તોડાવે,**
**ધર્મના માનમાંથી કોણ છોડાવે ?**

ઉધ્ધાર ન થયો. (દ્રવ્યે સમકિત પણ ભાવે સમકિત ન ફેરવ્યું માટે). તેથી દ્રવ્ય આવે અને જાય, પણ જો દ્રવ્યને એક વખત ભાવમાં પરીણમે તો તે ભવોભવ સાથે રહે, માટે આ ભવ પુરતું ભાવે માર્ગાનુસારી પ્રાપ્ત કરવાનો જીવ જો પુરૂષાર્થ કરે તો ભવ ભ્રમણમાંથી છુટવું સહજ છે.

મુક્તિ માગવી કે ગોતવી ન પડે,
પણ
મુક્તિ સામેથી આવે, અને જીવ પામે.

અને બાળજીવો પૂર્વનાં થયેલાં આત્માનુભવી જ્ઞાની સદ્‌ગુરૂનું, સદ્‌ગુરૂ-સદ્‌ગુરૂ બોલવાથી કે આત્મા-આત્મા કરવાથી આત્મકલ્યાણ થવાનું નથી (પુણ્યનું ઉપાર્જન થાય અને તેનું કારણ સદ્‌ગુરૂનાં નામ સ્મરણનું ફળ). આગળનાં લેખાંકોમાં સદ્‌ગુરૂ મહિમામાં વર્ણવેલું છે કે સદ્‌ગુરૂની ગેરહાજરીમાં તેનું નામ સ્મરણ અને સમાધી પણ બાળજીવોની સંસારીક આધી-વ્યાધી-ઉપાધી ટાળે છે, માટે સદ્‌ગુરૂ બોલવા કરતાં તેમણે કહેલા ગુણો પ્રગટાવવાથી અને કષાયોની મંદતા કરીને સત્યની ઝુરણાં ધારણ કરવાથી આ ભવે કે ભાવી ભવોમાં સદ્‌ગુરૂનો યોગ થાય, તેમને ઓળખી શકાય અને તેને આરાધવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તેવાં ગુણો પ્રગટાવવાથી જ આત્માનું કલ્યાણ થાય માટે આત્મા-આત્મા કરવાની બદલે અને સદ્‌ગુરૂ-સદ્‌ગુરૂ કરવાની બદલે સદ્‌ગુરૂએ બતાવેલા માર્ગ અને તેનો મર્મ પકડવાથી કાર્ય સિધ્ધ થાય. (જીવ સદ્‌ગુરૂ તરીકે પૂર્વનાં જ્ઞાની પુરૂષોને ભક્તિ સ્વરૂપે ભજે તો તેનામાંથી સદ્‌ગુરૂ શોધવાની વૃત્તિનો ક્ષય થાય.) જીવનમાં બે સદ્‌ગુરૂ ન હોય માટે તેવા પરમ ઉપકારી આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષોની ભક્તિ અને શ્રધ્ધા કેવા પ્રકારથી કરવી અને કેવી સમજણ સહિત તેમનું

**જીવે સંસાર દેહાતીતભાવથી ભોગવ્યો.**
**''અને''**
**ધર્મ દેહાધ્યાસ ભાવથી કર્યો.**

જીવનમાં સ્થાપન કરવું તેની વિચારણાં ભાવી લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

બાળજીવોને સંસારમાં રહીને મોક્ષમાર્ગની આરાધનાં (આત્મધર્મ એવો સિધ્ધાંત બોધ કે નિશ્ચય બોધનું) માટે સૌ પ્રથમ એવા અનુકુળ સંજોગો જોવે, (બાળજીવો સંજોગ આધીન વર્તવા ટેવાયેલા છે અને સંજોગ વિરૂધ્ધ રહેવાનું સામર્થ્ય પણ નથી) તેથી બાળજીવોને પ્રથમ દેહનું આરોગ્ય જોઈએ, અર્થનું સપ્રમાણ જોઈએ અને કૌટુંબિક વૈચારિક શાંતિ (સ્થિરતા) જોઈએ. આવી પ્રથમ જીવને સંજોગ અનુકુળતા જોઈએ, તેને માટે આપણે ભાવી લેખાંકોમાં

**બાળજીવ માટે સંસારી માન સ્વિકાર્ય,**
**''પણ''**
**ધર્મનું માન કોઈપણ અવસ્થાએ અસ્વિકાર્ય.**

નિર્દોષ ઉપાયોથી દેહનું આરોગ્ય જળવાય તેની વિચારણાં કરશું. વર્તમાનનાં રોગોમાં મુખ્યપણે : એસીડીટી, પિત્ત, ડાયાબીટીસ, બ્લડ પ્રેશર હાઈ અને લો, અનિદ્રા, કફ પ્રકૃતિનું જોર, ગેસ, માથાનાં દુખાવા, શરીરનાં હાથ-પગ-કમર વિગેરેનાં દુખાવા વિગેરે દેહની પિડાનાં ઉપાયો નિર્દોષ પદાર્થોથી અને સાથે ચૈત્યવંદન મુદ્રા અને ખમાસણાં (વંદના) જેવા ધાર્મિક યોગાસનો અને સાથે શ્રી નમસ્કાર મહામંત્રનાં અલગ અલગ પદોથી અલગ અલગ દેહની પિડાનાશક ઉપાયો અજમાવવાનાં અને શ્રી પરમાત્માની કૃપાથી દેહનું નિરોગીપણું સાથે અર્થનું પ્રમાણસર (યથાશક્તિ અન્નદાનથી) અને ઘરમાં શાંતિ રહે તેવાં પ્રકારથી ઘરમાં જિનભક્તિ અને ગુરૂભક્તિનાં યોગની વિચારણાં કરશું.

આવી રીતે પ્રથમ બાળજીવોને સંજોગ અનુકુળતા પ્રાપ્ત થાય પછી અજ્ઞાન ટાળવું, ધર્મ શું છે (શાસ્ત્રોમાં આપેલો) એવો મોક્ષમાર્ગ યથાર્થ સ્વરૂપથી જાણવો અને શ્રી ધર્માચાર્યો પાસેથી ખાત્રી કરીને મોક્ષમાર્ગ શું છે, તેની સાચી જાણકારી મેળવીને મોક્ષમાર્ગમાં શ્રધ્ધા સ્થાપવી અને જેટલું થઈ શકે તેટલું આરાધન પણ જો બાળજીવો કરે તો ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરવું મુશ્કેલ નથી.

**આત્માનુભવી જ્ઞાની, જ્ઞાનીપુરૂષો સિવાયના વાંચનનો પ્રતિબંધ કરાવે, સાંભળવાનો નહીં,**
**(અ)જ્ઞાની, અન્યનાં વાંચન અને સાંભળવાનો પ્રતિબંધ કરાવે.**

જીવને મુક્તિનાં ચાર કારણોની ઉતરોત્તર દુર્લભતા આગળનાં લેખાંકોમાં વિચારી હતી, તેમાંથી બાળજીવોને પ્રથમ દુર્લભપણાંનું કારણ પ્રાપ્ત થયું છે. (મનુષ્યપણાંનું શ્રેષ્ઠ જૈનકુળ). બીજું દુર્લભપણાંનું કારણ પામવા માટે સાચો જ ધર્મ જાણવાનો આગ્રહ શ્રી ધર્માચાર્યો પાસે નિર્ભયતાપૂર્વક રાખવો અને ત્રીજું દુર્લભપણાંનું કારણ પામવાં શાસ્ત્રો આધારીત આપેલો મોક્ષમાર્ગ (નિશ્ચય બોધમાં) બળવાન સમજણ સહિત શ્રધ્ધા કરવી. (આરાધવાની અનુકુળતા ન હોય તો) અને પુણ્યલક્ષી ધર્મ કરતી વખતે પણ લક્ષમાં રાખવું કે આનાથી મારા આત્માનું ભલું થવાનું નથી. આ પુણ્યથી તો સંસાર જ વધવાનો છે અને ભવ ભ્રમણમાં જ ફરવાનું છે. મુક્તિ માટે તો નિશ્ચય બોધ એવો આત્મધર્મ જ આરાધવાનો છે અને તેનાં આરાધન વગર મુક્તિ નથી તેવી સમજણ સહિતની સાચા ધર્મની શ્રધ્ધા એ પણ ભાવી ભવોમાં નિશ્ચય બોધની પ્રાપ્તીનું અને આરાધનનું કારણ બને. માટે નિશ્ચય બોધની શ્રધ્ધા એજ શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાનીનાં જ્ઞાનની આરાધનાં અને ભક્તિ ગણાય. અને સાચું જ્ઞાન જ્યાંથી પણ મળે તે મેળવવું તે જ્ઞાનની અનુમોદનાં ગણાય. માટે સંસારી શ્રાવકપણાનો કે ત્યાગીનો આગ્રહ ન રાખતાં જે સમ્યક જ્ઞાન આપે એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો સાચો સેવક ગણાય. અને શ્રી પરમાત્માનાં સેવકનો (સમ્યક જ્ઞાન આપનારનો) દ્વેષ કે નિષેધ એજ જ્ઞાનની વિરાધનાં ગણાય.

**''જીવ જન્મે જૈન બન્યો, કર્મે જૈન બન્યો ? તો પછી ધર્મે જૈન કેવી રીતે બનાય ?''** માટે ધર્મે જૈન બનવું હોય તો જ્ઞાનની પૂજાનાં દિવસે શાસ્ત્રોની પૂજા એટલે કે નિશ્ચય ધર્મની (જ્ઞાનની) પૂજા કરીને નિશ્ચય ધર્મી બનવાનો સંકલ્પ એજ જ્ઞાનનાં દિવસે કરેલી જ્ઞાનની આરાધનાં, ભક્તિ અને જ્ઞાનમાંથી મેળવેલી શક્તિ ગણાય.

**અનુસંધાન સામે પાના નં ૮ પર →**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## શ્રી તીર્થંકર પરમાત્માની ''દેશના'' એજ બાળજીવોની ''એષણાં''

અનુસંધાન પાના નં ૭થી ચાલું

સાચું જ્ઞાન ગમે ત્યાથી લેવાય ''પણ'' આરાધન તો શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં જ કરાય કારણ કે બાળજીવોને સલામતી અને વ્યવહાર ધર્મની પૂર્ણ અનુકુળતા પ્રાપ્ત થાય છે. જગતની સર્વ સાધુ સંસ્થામાં સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા જૈન સંપ્રદાયની ગણાય છે. (પૂર્ણ ત્યાગનાં કારણે)

જગતનાં સર્વ મોક્ષમાર્ગી ધર્મોએ ગુપ્તદાનનો મહિમા ગાયો છે અને જૈનધર્મમાં તો ગુપ્તદાનનો મહિમા શ્રેષ્ઠ રીતે મનાયેલો અને સ્થપાયેલો છે, પણ ગુપ્તદાનનો મહિમા ધીરે-ધીરે લુપ્ત થતો ગયો અને તેનું મુખ્ય કારણ ''દાન કોને કરવું''? દાન લેનાર સુપાત્ર કે કુપાત્ર. તેની જાણકારી લેવાની અજ્ઞાનતાએ સમજણ (ખોટી) કેળવી. દાન દેનાર, દાન લેનારની ખાત્રી કરે તેમાં દાન દેનારની બુધ્ધિ નિર્મળ બનવાને બદલે કપટ બુધ્ધિ બની જાય અને ગુપ્તદાનનું ફળ જીવ ગુમાવી દે. દાન દેનારે તો દાન લેનાર દુઃખીયારો સમજીને આપવાનું હોય છે કે જેથી કરીને લેનારનું આત્મગૌરવ સચવાય અને દેનારમાં કરૂણાં દ્રષ્ટિ પ્રગટે તેથી દાન દેનારનું પુણ્યનું બળવાન ઉપાર્જન થાય અને સાથે સાથે આત્મીક ગુણ પ્રગટે. આવી રીતે ગુપ્તદાન હોય. અને આવી રીતનાં ગુપ્તદાનો અનેક પ્રકારનાં છે, તેમાં આપણે ગુપ્તદાન સર્વ શ્રેષ્ઠપણે કેવી રીતે કરી શકીએ અને તેમાંથી બળવાન પુણ્યનું ઉપાર્જન કેવી રીતે થાય અને સાથે સાથે ત્યાગ ભાવના સહિત આત્મીક કલ્યાણ કેવી રીતે થાય તેની વિચારણાં કરીએ.

જૈન સંપ્રદાયમાં ધર્મને અનુલક્ષીને ઘણાં પ્રકારનાં કાર્યો થાય છે અને તેમાં બાળજીવો નામ અને માનનું બળવાનપણાંનું સ્થાપન જાણીને કંઈક અંશે ત્યાગભાવના દેખાડવા અને પુણ્ય બાંધવાની લેશ્યાથી અગણિત અર્થનું અર્થ ત્યાગ બતાવે છે અને તે અર્થને તે અર્થનું અનુદાન અલગ અલગ ખાતાવહીમાં હોય છે. તેમાં એક ખાતાવહી છે, કે જેને આપણે ભ્રમિત ભાવે વ્યવહારથી સાધારણ ખાતું કહીએ છીએ. અને તેમાં લગભગ ગુપ્તદાનનાં મહિમા જેવી સ્થિતી હોય છે. જેમકે તેમાં નામનું મોટાપણું કે પછી ફોટો કે તખ્તી હોતી નથી, તેથી વ્યવહારથી તે ગુપ્તદાન બરાબર લગભગ ગણાય. આપણે ભ્રમિત ભાવે સાધારણ શબ્દ વાપરીને તેને સાધારણપણામાં સ્થાપી દીધું, જેમકે સાધારણ ખાતામાં જીવો સાધારણ ભાવથી સાધારણ દ્રષ્ટિએ સાધારણપણે સાધારણ અર્થનું (અલ્પ) દાન કરે છે. અને જાણે સાધારણ ખાતામાં, સાધારણ જીવો, સાધારણ કાર્યો માટે સાધારણ અર્થ આપીને મોટું કાર્ય, સાધારણપણે કર્યું હોય તેમ માને છે અને જ્યારે સંઘને રપમાં ભગવાન ગણતાં હોઈએ છીએ ત્યારે એવા સંઘનાં ટ્રસ્ટીઓને સાધારણતાથી સાધારણ ખાતા માટે ઘરે ઘરે જઈને કે પછી બાળજીવોને બોલાવી બોલાવીને આગ્રહ કરી કરીને સાધારણ અર્થ માટે અસાધારણ મહેનત કરવી પડે છે અને આવી મહેનત કરાવીને પાછા આપણે સાધારણ ભાવથી રપમાં ભગવાન ગણાવીએ છીએ, એજ આપણાં સાધારણ ભાવની સત્યતા સાબિત કરે છે. જ્યારે ખરા અર્થમાં સાધારણ નહીં, પણ અસાધારણ ખાતું કહેવાય, જે સર્વ કાર્યોમાં કામમાં આવે અને જેની ઉપયોગીતા સર્વ કાર્યોમાં સ્વિકાર્ય હોય તેને સામાન્ય કેમ કહેવાય ? તેને તો અસામાન્ય કહેવાય કે જે દરેક કાર્યોમાં કામમાં આવે છે. અને એ પણ કેવા કાર્યો કે જે શ્રી પરમાત્માનાં બાળજીવોનાં આત્મકલ્યાણ માટેનાં સ્થાનકો અને એવા સ્થાનકોનાં જીવ કે અજીવ દરેક બાળજીવોની શ્રી પરમાત્મા પ્રત્યેની ભક્તિમાં સહાયકો અને અનિવાર્ય હોય છે તેવાં પદાર્થો (જીવ કે અજીવ) તેમનાં માટેનું ખાતું. આ તો શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ કરનાર જીવોની સહાયતાવાળા જીવો કે સાધનો માટેનું ખાતું ગણાય. ત્યારે આવા ખાતાને સાધારણ ખાતું કેમ કહેવાય ? જે ખાતાની સહાયતાથી શ્રી તીર્થંકર પરમાત્માનું નામ અને પ્રભાવ મોટો થતો હોય, અનેક બાળજીવો ધર્મનાં સ્થાનકમાં આવીને આત્મકલ્યાણ ઈચ્છતાં અને પામતાં હોય અને જે શ્રી પરમાત્માનાં નામથી જીવો આનંદ અને પ્રસન્નતાં પામતા હોય અને અન્ય જીવો આદર અને વિશ્વાસ મુકતાં હોય, જે સ્થાનક આપણને જૈન હોવાનું સ્મરણ અને જૈનધર્મીનું માન (ગૌરવ) આપતું હોય અને જે સ્થાનક પૂર્વમાં અને વર્તમાનનાં બાળજીવોને ઉપકારીપણું (શ્રી પરમાત્માનું) અને બળવાન સહજતાથી પુણ્ય બંધાવતું હોય તે સ્થાનકનાં અનિવાર્ય સહાયકો (જીવ કે સાધનો) તો પરમ ઉપકારી ગણાય. તેને સામાન્ય દ્રષ્ટિથી કેમ લેવાય. જે બાળજીવોને પોતાનાં નામ અને માનનું બળવાનપણું હોય, તેજ જીવો આવા કાર્યોમાં અને વ્યવહારથી વપરાતું નામ સાધારણ ખાતા પ્રત્યે ઉદાસીનતા રાખતાં હોય છે અને આવી ઉદાસીનતા રાખીને જીવો કેવી રીતે આત્માનું કલ્યાણ અને શ્રી પરમાત્માનું ઉપકારીપણું ગણી અને માની શકે ? તેથી એમ કહેવાય કે જો બાળજીવોનું નામ અને માનનું મમત્વ ન પોષાય તો, બાળજીવોને શ્રી પરમાત્માનાં નામમાં શ્રધ્ધા અને તેમનાં પ્રત્યે ભક્તિ ભાવ ન રાખે (અને જે જીવોને સ્વયંનાં જીવનમાં શ્રી પરમાત્મા કરતાં વધારે મહત્વનું (મોટું) કોઈ નામ ન હોય, શ્રી પરમાત્મા કરતાં વધારે પ્રિય જગતમાં કોઈ પદાર્થ ન હોય અને શ્રી પરમાત્મા કરતાં વધારે જીવનમાં કોઈ પ્રત્યે રાગ ન હોય અને શ્રી પરમાત્માનાં કાર્યો કરતાં વધારે શ્રેષ્ઠ કોઈ કાર્યો ન હોય) એવી ભાવનાં બાળજીવોમાં આવ્યાં વગર બાળજીવો મુક્તિ કેવી રીતે પામી શકે ? આમાં વિચારવાનું એ છે કે સાચી સમજણ આપનારા ઉદાસીન છે કે સાચી સમજણ લેનાર ઉદાસીન છે, તેની વિચારણાં ભાવી લેખાંકોમાં યોગે કરીને વિચારશું. અત્યારે એટલું સત્ય અવશ્ય સ્વિકારવું પડે કે શ્રી ધર્માચાર્યો ઈચ્છે તો તેમનાં જ્ઞાનબળ, વિચારબળ અને ચારિત્રબળ (શ્રાવકોની શ્રી ધર્માચાર્યો પ્રત્યેનું આજ્ઞાંકિતપણાનાં ગુણ)નાં પ્રભાવે, દરેક સંઘોનું વ્યવહારથી જેને સાધારણ ખાતું કહીએ છીએ તે ખાતાને ૧ દિવસમાં આખા વર્ષ માટેનું અસાધારણ ખાતું બનાવી દેવાની શક્તિ શ્રી ધર્માચાર્યો પાસે રહેલી છે અને આવી શક્તિનો ઉપયોગ શ્રી ધર્માચાર્યો જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં, દરેક સંઘો માટે ઉપયોગ કરીને એક વર્ષ માટે પણ જો આ કાર્ય કરે તો ''સાચા અર્થમાં, સાચા અર્થનું'' ભળવાથી સાચી રીતે અસાધારણ ખાતાનું નિર્માણ થાય અને તે નિત્ય સવારે બળવાન પુણ્ય બાંધ્યું, બંધાવ્યું અને અનુમોદ્યાનું ફળ પ્રાપ્ત કરાવે. અને લાખોનાં દાન, ત્યાગ કરનાર બાળજીવોએ શ્રી ધર્માચાર્યોની આજ્ઞાને શિરોમાન્ય કરીને આ ખાતાંમાં ગુપ્તદાનનું મહિમા ગણીને બળવાન પુણ્ય પ્રાપ્તીનું કારણ ગણીને વર્ષોનાં વર્ષો સુધીનું અસાધારણ ખાતું બનાવી દેવામાં અતિ ઉત્સાહીતપણું (સાધારણપણું નહીં) રાખવું એજ શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા ભક્તિ અને શ્રી ગુરૂ ભગવંતોની સેવા ભક્તિ અને શાસ્ત્રોનાં જ્ઞાનની (મોક્ષમાર્ગની) આરાધનાં ભક્તિ ગણાય અને બળવાન ભાવે ભાવી ભવોમાં શ્રી તીર્થંકર પરમાત્માને ભજવાનું નિમિત્ત કારણ બને. ધર્મનાં સ્થાનકો વિષે વિશેષ વિચારણાં ભાવી લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

> **શ્રી તીર્થંકર પરમાત્માનું**
> **નામ અને ભક્તિ**
> **''એજ''**
> **બાળજીવોનું માન અને મમત્વ (ગૌરવ)**

આનંદ **આનંદ** **આનંદ**

# ''સંસારમાં રહીને સંસારભાવ નાશ''

**જૈનો જાગો લેખાંકની લેખમાળા માટેનો આત્મીક જીવો તરફથી મળેલો અદ્ભુત–અનુપમ–અસાધારણ ઊત્સાહ અને સાથે પૂર્વનાં લેખાંકોની વારંવારની વ્યાજબી માગણીને અમે અવગણી શકતાં નથી માટે જાન્યુઆરી માસથી જૈનો જાગો લેખાંકની પુનઃમુદ્રણ કરવાનું નક્કી કર્યું છે અને સાથે નવી મોક્ષમાર્ગની સરળ સમજણ અને આધ્યાત્મીક પરીણામો સંસારમાં રહીને, સંસાર વ્યવહાર નિભાવીને કેમ પ્રાપ્ત કરવા, અને વર્તમાન ભવમાં આનંદ સહીત રહીને ભાવી ભવોમાં કેમ પરીણામદાતા બને તેવા પ્રકારની લેખમાળા જાન્યુઆરીથી (બંને લેખમાળા) શરૂ કરવાનાં છીએ તો તેને લગતાં વાર્ષિક સભ્ય જે બનવા માંગતા હોય, તેઓ નીચેનાં સ્થળોએ વાર્ષિક લવાજમ સ્વિકારવાનું નક્કી કરેલ છે.**

● ભારતનાં (દેશનાં) કોઈપણ નગર માટે વાર્ષિક રૂા. ૧૦૦/–, વિદેશ માટે એર મેલ : ૨૫ ડોલર (રૂા. ૧૦૦૦/–), સી–મેલ : ૧૦ ડોલર (રૂા. ૪૦૦/–).

● દેશ – વિદેશમાં દરેક સ્થળે પોસ્ટેજ ફ્રી.

★ **સ્ટીચ-એલ :** શીતલ છાયા, જવાહર નહેરુ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

★ **રીલાયેબલ બુક ડેપો :** જયસ્વાલ ભુવન, અંબાજી ધામની સામે, મહાત્મા ગાંધી રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

★ **પ્રદીપભાઈ શાહ-પ્રદીપ શાહ એન્ડ કું. :** ૯, ઝવેરી બિલ્ડીંગ, બીજે માળે, ૩૦૫, રાજારામ મોહનરાય માર્ગ, ચર્નીરોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

★ **કીર્તિભાઈ શાહ - શાહ બેરિંગ એન્ડ મિલ સ્ટોર્સ :** ૧૦૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, શોપ નં. ૭, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન : ૩૪૪ ૮૩૭૦

★ **જીતુભાઈ શાહ :** ૯, કાઝી સૈયદ સ્ટ્રીટ, બીજે માળે, રૂમ નં. ૮, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન : ૩૭૯ ૧૭૬૧

★ **કૌશિક ભાયાણી :** ૩૬, શાંતિ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, એસ. એન. રોડ, તાંબેનગર, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૫૬૦ ૬૭૦૪

★ **પ્રદીપભાઈ શાહ - વિપુલ ટ્રેડિંગ કું. :** ૩/૩૫, બેલ્જિયમ સ્કવેર, લિનીયર બસ સ્ટેન્ડ સામે, રીંગ રોડ, સુરત. ફોન : ૪૧ ૭૧ ૭૮